દિવ્ય ભાસ્કર

શુક્રવાર

# નોન ઈન્વેઝિવ સ્લિમિંગ થેરપીના પ્રયોગોમાં મુંબઈના તબીબની સફળતા

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ

વજન-સ્થૂળતા ઘટાડવા માટે આહારમાં પરેજી, વ્યાયામ અને યોગાસન જેવા ઉપાયોથી પણ નોંધપાત્ર રાહત ન થાય ત્યારે દર્દીઓ બારીયાટ્રિક સર્જરી અથવા લાઈપોસકશનની પ્રક્રિયામાંથી કોઈ એક તબીબી સારવારનો વિકલ્પ પસંદ કરે છે. પરંતુ એ બે પ્રક્રિયાઓ કરતાં સાવ ઓછી તકલીફ આપતી નોન ઈન્વેઝિવ સ્લિમિંગ થેરાપી દ્વારા સરેરાશ પાંચથી નવ ઈંચ અને વિશિષ્ટ કિસ્સામાં પંદર ઈંચ જેટલો કમરનો ઘેરાવો ઘટતો હોવાનું તબીબી પ્રયોગોમાં નોંધાયું છે.

આ અમેરિકન સંશોધન વિશેષ સુધારા-વધારા સાથે ભારતમાં રજૂ કરનારા ડો. દીપક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે ''આ નોન સર્જિકલ લાઈપો લેસર ટ્રીટમેન્ટ ઝેરોના પ્રોસીજર તરીકે ઓળખાય છે. આ ટેક્નોલોજીના ઉપયોગથી દર્દીઓના પેટ, કમર, હાથ, નિતંબ, ગાલ વગેરેના આંતરિક ભાગોમાં જમા થયેલી ચરબી પીગાળી શકાય છે, જે પછીથી ડીટોક્સિફિકેશનની સામાન્ય પ્રક્રિયા દરમિયાન શરીરમાંથી નીકળી જાય છે. સર્જરી કે અન્ય કાપકૂપ વાળી પ્રક્રિયા વિના એ શરીરને યોગ્ય આકાર આપે છે. ઈંચ લોસ કેટેગરીમાં અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશનની માન્યતા પ્રાપ્ત કરનારી આ પ્રથમ પ્રક્રિયા છે. તેની મદદથી વૃદ્ધાવસ્થા નિવારણ, સૌંદર્ય જાળવણી, એન્ટી એજિંગ કેર, હોર્મોન રીપ્લેસમેન્ટ થેરાપી વગેરેમાં પણ મદદ મળે છે,'' એમ ડો. દીપક ચતુર્વેદીએ જણાવ્યું હતું.